# સર્વને સમાન ન્યાય

न्याय सब के लिए
ACCESS TO JUSTICE FOR ALL

# ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ

| | | |
|---|---|---|
| **મુખ્ય સંરક્ષકશ્રી** | : | વડી અદાલતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિશ્રી |
| **કારોબારી અધ્યક્ષશ્રી** | : | વડી અદાલતના વરિષ્ઠ માનનીય ન્યાયમૂર્તિશ્રી |
| **સભ્ય સચિવશ્રી** | : | પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ કક્ષાની વ્યક્તિ (પ્રતિનિયુક્તિના ધોરણે) |
| **પ્રોજેક્ટ ઓફિસર્સ** | : | સિનિયર સિવિલ જજ કક્ષાની વ્યક્તિઓ (પ્રતિનિયુક્તિના ધોરણે) |


**: સંપર્ક સાધો :**

સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ,
ત્રીજો માળ, GSLSA બિલ્ડીંગ, ગુજરાત હાઈકોર્ટ પોષ્ટ ઓફિસ પાસે,
ગુજરાત હાઈકોર્ટ કોમ્પલેક્ષ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.
ફોન નં. ૦૭૯-૨૭૬૬૪૯૬૪, ૨૭૬૬૫૨૯૬

**શહેર ઓફિસ**

કાનૂની સહાય કેન્દ્ર
રૂમ નં. ૦૦૩, ગ્રાઉન્ડ ફ્લોર,
સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ કમ્પાઉન્ડ,
ભદ્ર, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. ૦૭૯-૨૭૫૪૦૫૮૩

**હાઈકોર્ટ ઓફિસ**

ત્રીજો માળ, GSLSA બિલ્ડીંગ,
ગુજરાત હાઈકોર્ટ પોષ્ટ ઓફિસ પાસે,
ગુજરાત હાઈકોર્ટ કોમ્પલેક્ષ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦.
ફોન નં. ૦૭૯-૨૭૬૬૪૯૬૪, ૨૭૬૬૫૨૯૬
E-mail : msguj.lsa@nic.in
Website : www.gslsa.gujarat.gov.in

**કાયમી મફત અને સક્ષમ કાનૂની સહાય તેમજ સલાહ કેન્દ્ર**

બંગ્લા નં:- ૧૨, ડફનાળા, શાહીબાગ,અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન નં. ૦૭૯-૨૨૮૫૦૯૯૯.


**૨૪ કલાક કાર્યરત ટોલ ફ્રી નંબર : ૧૫૧૦૦**

# ફરજ માટે તત્પરતા

આપણા બંધારણમાં દરેક નાગરિક માટે સમાન સામાજિક આર્થિક અને રાજનૈતિક ન્યાય તેમજ સમાન તકની બાબત સમાવવામાં આવી છે.

બંધારણની કલમ ૩૯(અ) ની જોગવાઈ અનુસાર એવી કાનૂની વ્યવસ્થા હોવી જોઈએ જેમાં સમાન તકોના આધારે બધાને ન્યાય મળે. જેમાં ખાસ કરીને કોઈ કાનૂની યોજના કે અન્ય કોઈ રીતે મફત કાનૂની સેવા ઉપલબ્ધ કરવાની વ્યવસ્થા કરવી. જેથી કોઈ પણ નાગરિકનો આર્થિક કે અન્ય કોઈ અસમર્થતાને લીધે ન્યાય મેળવવાનો અધિકાર છીનવાઈ ન જાય.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને ભારત સરકારે **"રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ"** અધિનિયમ ૧૯૮૭ નામનો કાયદો બનાવ્યો છે.

## કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમના મુખ્ય ઉદ્દેશો

- મફત અને યોગ્ય કાનૂની સેવા સમાજના ગરીબ/નબળા વર્ગો સુધી પહોંચાડવા માટે કાનૂની સેવા તંત્રોની સ્થાપના કરવી.
- કાનૂની શિક્ષણ શિબિરો, લોક અદાલતનું આયોજન કરવું. નાગરિકો આર્થિક કે અન્ય અસમર્થતાને કારણે ન્યાય મેળવવાની તકથી વંચિત ન રહે તેવું ધ્યાન રાખવું

## કાનૂની સહાય કોને મળી શકે ?

- અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની વ્યક્તિને.
- મહિલાઓને તથા બાળકોને.
- માનસિક રીતે અસ્વસ્થ અથવા અન્ય રીતે અશક્ત વ્યક્તિને.
- ઔદ્યોગિક કામદારોને.
- કોઈપણ પ્રકારની કસ્ટડીમાં હોય તેવી વ્યક્તિને.
- માનવોનો ગેરકાયદે વેપારનો ભોગ બનેલી વ્યક્તિ અગર તો ભિક્ષુક.
- સમાન તકો (અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણપણે ભાગ લેવાનો) કાયદો ૧૯૯૫ની કલમ-૨૯માં દર્શાવ્યા મુજબની શારીરિક અસમર્થતા ધરાવતી વ્યક્તિ.
- સામૂહિક વિનાશ, જાતિય હિંસા, જાતિય અત્યાચાર, પુર, દુષ્કાળ, ભૂકંપ અથવા ઔદ્યોગિક સંકટ જેવા અનિચ્છનીય સંજોગોમાં ભોગ બનેલી વ્યક્તિ, અગર તો

## અધિકાર માટે જાગૃતિ

- અનૈતિક વેપાર અધિનિયમ મુજબ સંરક્ષણ ગૃહમાં રહેતી વ્યક્તિ અથવા કિશોર ન્યાય અધિનિયમ-૨૦૧૫ અન્વયે કિશોર ગૃહમાં રહેતી અથવા માનસિક આરોગ્ય અધિનિયમ અન્વયે માનસિક રોગની હોસ્પિટલ અથવા નર્સિંગ હોમમાં રહેતી વ્યક્તિ, અગર તો
- ઉપરોક્ત વ્યક્તિઓ સિવાય અન્ય કિસ્સામાં જેની **વાર્ષિક આવક રૂ. ૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ)થી વધતી ન હોય તેવી તમામ વ્યક્તિઓ.**

### કાનૂની સેવા સત્તામંડળના કાર્યોમાં કોણ સહયોગ આપી શકે ?

- સરકારી સંસ્થાઓ
- કાયદાના શિક્ષકો
- શિક્ષણાશાસ્ત્રીઓ
- બિનસરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓ
- વકીલો
- શિક્ષણ સંસ્થાઓ
- સામાજિક કાર્યકરો
- મફત કાનૂની સહાય કાર્યમાં રસ ધરાવતા લોકો

- આ અધિનિયમ ગુજરાતમાં ૧૯૯૭થી અમલમાં આવ્યો છે. આ અધિનિયમથી કાનૂની સહાયને કાયદાકીય સ્વરૂપ મળ્યું છે. કાનૂની સહાય મેળવવી એ અધિકાર છે. આ અધિકારની જાણકારી લોકોને આપવાના ઉપદેશથી આ કાયદાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

આ કાયદાનો લાભ મેળવવા માટે તાલુકા કાનૂની સેવા સમિતિ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ઉપરાંત હાઈકોર્ટ કાનૂની સેવા સમિતિ અને રાજ્ય કાનૂની સેવા સત્તામંડળનો સંપર્ક સાધવો.

---

**નોંધ :** આ માહિતી ફક્ત કાયદાની સરળ સમજ આપવાનો પ્રયાસ છે.
તેનો અન્ય ઉપયોગ થઈ શકશે નહીં.

## **મફત કાનૂની સહાય મેળવવા ક્યાં અને કોનો સંપર્ક કરશો ?**

### **તાલુકા કક્ષાએ**

અધ્યક્ષશ્રી

**તાલુકા કાનૂની સેવા સમિતિ,**

તાલુકા કોર્ટ.

### **જિલ્લા કક્ષાએ**

અધ્યક્ષશ્રી,

**જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ,**

જિલ્લા કોર્ટ બિલ્ડીંગ,

જિલ્લા કોર્ટ.

### **હાઈકોર્ટ કક્ષાએ**

સેક્રેટરીશ્રી,

**હાઈકોર્ટ કાનૂની સેવા સમિતિ,**

પહેલો માળ, GSLSA બિલ્ડીંગ,

ગુજરાત હાઈકોર્ટ પોષ્ટ ઓફિસ પાસે,

ગુજરાત હાઈકોર્ટ કોમ્પલેક્ષ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.

ફોન નં. ૦૭૯-૨૭૬૬૫૮૧૫

### **રાજ્ય કક્ષાએ**

સભ્ય સચિવશ્રી

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**

ત્રીજો માળ, GSLSA બિલ્ડીંગ, ગુજરાત હાઈકોર્ટ પોષ્ટ ઓફિસ પાસે,

ગુજરાત હાઈકોર્ટ કોમ્પલેક્ષ, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.

ફોન નં. ૦૭૯-૨૭૬૬૪૯૬૪, ૨૭૬૬૫૨૯૬

E-mail : msguj.lsa@nic.in,

Website : www.gslsa.gujarat.gov.in

## **૨૪ કલાક કાર્યરત ટોલ ફ્રી નંબર : ૧૫૧૦૦**